નં. મકમ/પરિપત્ર/૧૯-૨૦/ ૬૦૬૮
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લૉક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૦૯/૨૦૧૯

150 YEARS OF CELEBRATING THE MAHATMA

---

પરિપત્ર:

વિષય:- મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૦.
Electors Verification programme અંતર્ગત કરવાની થતી કામગીરી બાબત.
સંદર્ભ:- સામા.ન્યાય અને અધિકારીતા વિભાગના પત્ર ક્રમાંક:-
પરચ/૧૧૨૦૧૯/૪૬૦૨૩૮/ચ, તા. ૦૩/૦૯/૨૦૧૯

ઉપર્યુકત વિષય અન્વયે સંદર્ભિત પત્રની સુચના મુજબ અત્રેની તેમજ સંબંધિત તાબા હેઠળની જિલ્લા કચેરીઓના તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓએ મતદારયાદીમાં તેમની તેમજ તેઓના પરિવારજનોની વિગતો ચકાસણી કરાવેલ છે તે મુજબનુ પ્રમાણપત્ર સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને તા.૧૫/૦૯/૨૦૧૯ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવેલ હોવાથી વડી કચેરીના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓએ તેમની તેમજ તેઓના પરિવારજનોની માહિતી મતદારયાદીમાં ચકાસણી કરીને "તેઓનુ અને તેમના પરિવારજનોના નામ મતદારયાદીમા ચકાસણી કરેલ છે". તે બાબતની જાણ કરતી માહિતી સંબંધિત શાખાએ શાખાના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની માહિતી એકત્રીત કરીને આજે જ મહેકમ શાખાને આપવાની રહેશે.

તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ જિલ્લા કચેરી તેમજ જિલ્લા હસ્તકની કચેરીઓની માહિતી એકત્રીત કરીને સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને તા.૧૫/૦૯/૨૦૧૯ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સુચનાનો અમલ દરેક અધિકારીશ્રી/કર્મચારીઓએ ચુસ્તપણે કરવાનો રહેશે.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,
વડી કચેરીના તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ.
નકલ રવાના:-
તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.

તાત્કાલિક/અગત્યનું

સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: પરચ/૧૧૨૦૧૯/૪૬૦૨૩૮/ચ
ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં.૫/૯મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.03/૦૯/૨૦૧૯

પ્રતિ,.

- ઉપ સચિવશ્રી,(મહેકમ),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ લિ. ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં વિકાસ નિગમ લિ. ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ લિ. ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ લિ. ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ , ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુ.જાતિ અતિપછાત વિકાસ નિગમ લિ. ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી વિમુકતિ જાતિ વિકાસ નિગમ લિ. ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનિગમ, ગાંધીનગર

વિષય: મતદાર યાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૦
Electors Verification Programme અંતર્ગત કરવાની થતી કામગીરી બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગના તા.30/૦૮/૨૦૧૯ના પત્ર ક્રમાંક:ઇએલસી/૧૦૨૦૧૯/૧૩૩૨(૧)/છ (SVEEP) ની નકલ તેમજ ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા.૦૨/૦૮/૨૦૧૯ના પત્રની નકલ આ સાથે મોકલી આપતા જણાવવાનું કે, ઉકત પત્રમાં જણાવ્યા મુજબ આપની કચેરીના તમામ અધિકારી / કર્મચારીઓએ મતદારયાદીમાં તેમની વિગતો ચકાસણી કરાવેલ છે તે મતલબનું પ્રમાણપત્ર સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને તા.૧૫/૦૯/૨૦૧૯ સુધીમાં મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ધનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણ:ઉપર મુજબ

નિયામક, સમાજ સુરક્ષા ગુ. રા. ગાંધીનગર
આવક રજી. નં. ૨૦૭
તારીખ :
શાખા:
કચેરી અધિક્ષક

ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક-ઈએલસી-૧૦૨૦૧૯-૧૩૩૨(૧)-છ (SVEEP) તા.૩૦- ૦૮-૨૦૧૯

460238
03/09/2019

પ્રતિ,

અગ્ર સચિવશ્રી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
બ્લોક નં.૫/૯,સરદાર ભવન.
નવા સચિવાલય,ગાંધીનગર.

Pri secy

વિષય : **મતદાર યાદી સુધારણા કાર્યક્રમ -૨૦૨૦**
**Electors Verification Programme અંતર્ગત કરવાની થતી કામગીરી બાબત**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ચૂંટણી પંચ,નવી દિલ્હીના તા.૦૨-૦૮-૨૦૧૯ ના પત્રની નકલ મોકલી આપતાં જણાવવાનું કે,ચૂંટણી પંચ દ્વારા ૧ લી જાન્યુઆરી, ૨૦૨૦ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદાર યાદી સુધારણા કાર્યક્રમની પૂર્વ " Electors Verification Programme" તારીખ: ૦૧-૦૯-૨૦૧૯ થી તા.૩૦-૦૯-૨૦૧૯ દરમિયાન હાથ ધરવામાં આવનાર છે.આ કાર્યક્રમ અંતર્ગત મતદારો મતદારયાદીમાં તેમની વિગતોની ચકાસણી કરી શકશે.મતદારો મતદારયાદીમાં તેમની વિગતોની ખરાઈ નીચે મુજબના જુદા જુદા વિકલ્પો મારફતે કરી શકશે તેમજ ક્ષતિગ્રસ્ત વિગતોના કિસ્સામાં જરૂરી આધાર પુરાવા આપી સુધારા માટે જણાવી શકશે.

૧. Voter Helpline Mobile App ( Google Play Store & iOS)
૨. NVSP Portal
૩. મતદાર સુવિધા કેંદ્ર ની મુલાકાત લઈને (Office of the Mamlatdar)
૪. મતદાન મથકને સંલગ્ન ઈ ગ્રામકેન્દ્ર / કોમન સર્વિસ સેન્ટર(CSC) ની મુલાકાત લઈને
૫. PwD મતદારો હેલ્પલાઈન નં.૧૯૫૦ પર ફોન કરીને
(ઉપરોક્ત ક્રમ -૧ થી ૪ ઓનલાઈન ચકાસણી માટે)
૬. BLO/AERO/ERO/DEO ના સંપર્ક કરીને (ઑફલાઈન ચકાસણી માટે)

JS (Coord)
3/9/19
JS (Coord)

Adv copy
JS (Coord)

"Electors Verification Programme" અંતર્ગત તા.૦૧-૦૯-૨૦૧૯ થી તા.૦૭-૦૯-૨૦૧૯ દરમિયાન મહત્તમ સંખ્યામાં મતદારો પોતાની વિગતોની ચકાસણી અને પ્રમાણિકરણ કરે તે માટે સરકારના સર્વે વિભાગો અને વિભાગોના નિયંત્રણ હેઠળની ખાતાના વડાની કચેરીઓ તથા ક્ષેત્રિય કચેરીઓ, જાહેર સાહસોનો સહકાર ખૂબજ જરૂરી છે. આ કાર્યક્રમ દરમિયાન આપના વિભાગ તથા વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓ,બોર્ડ,નિગમો,જિલ્લા,તાલુકા તથા ગ્રામ્ય કક્ષાની કચેરીઓ તેમજ તેમની સાથે સંકળાયેલ સંસ્થાઓમાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓ અને તેમના પરિવારજનો મતદારયાદીમાં તેમની વિગતોની ચકાસણી અને પ્રમાણીકરણ કરાવે તે મુજબની સુચના આપવા વિનંતી છે.

વધુમાં આપના તાબા હેઠળની ક્ષેત્રીય કચેરીઓના તમામ અધિકારી/કર્મચારીઓએ મતદારયાદીમાં તેમની વિગતોની ચકાસણી કરાવેલ છે તે મતલબનું પ્રમાણપત્ર સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને તા.૧૫-૦૯-૨૦૧૯ સુધીમાં અચૂક મોકલી આપવા સંબંધિતોને સુચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(ડૉ.એસ.મુરલીક્રિશ્ના)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત

બિડાણ : ઉપર મુજબ